વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ જુન, ૨૦૨૩ Vol. 17 No. 6

# પ્રતીકની પુજા અને ભાવનાનું ખુન !



વિદ્યાર્થીઓ પરનો બોજ ઘટાડવાના ઉદ્દેશ્યથી નિર્ણય

## NCERTએ ધો 10ના પુસ્તકમાંથી લોકશાહીનું આખું પ્રકરણ કાઢી નાખ્યું

### વિજ્ઞાનના પુસ્તકમાંથી પર્યાવરણીય ટકાઉપણું, ઊર્જાના સ્રોતનું પ્રકરણ રદ

એજન્સી | નવી દિલ્હી

વિદ્યાર્થીઓ પરનો બોજ ઘટાડવાના પ્રયાસ રૂપે નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT)એ ધોરણ 10નાં નવાં પાઠ્યપુસ્તકોમાંથી તત્ત્વોના સામયિક વર્ગીકરણનું પ્રકરણ, લોકશાહી અને વિવિધતા પરનું પ્રકરણ, લોકશાહી પરના પડકારો પરનું સંપૂર્ણ પ્રકરણ અને રાજકીય પક્ષો પરનું પ્રકરણ કાઢી નાખ્યાં છે. NCERT અનુસાર કોવિડને ધ્યાનમાં રાખતાં વિદ્યાર્થીઓ પરનો બોજ ઘટાડવા માટે આ નિર્ણય લેવાયો છે. વિજ્ઞાનનાં પાઠ્યપુસ્તકમાંથી જે પ્રકરણ હટાવવામાં આવ્યાં છે તેમાં પર્યાવરણીય ટકાઉપણું અને ઊર્જાના સ્રોતનું પ્રકરણ છે. NCERT અનુસાર રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 પણ વિદ્યાર્થીઓ પર બોજ ઘટાડીને સર્જનાત્મક માનસિકતા સાથે તેઓને પ્રાયોગિક શિક્ષણની

### ડાર્વિનની થિયરી દૂર કરવાનો વ્યાપક વિરોધ

આ વર્ષે NCERT વિજ્ઞાનનાં પુસ્તકોમાંથી થિયરી ઓફ ઈવોલ્યુશનને હટાવવાને લઈને લોકોના નિશાન પર આવ્યું હતું. અંદાજે 1800 વિજ્ઞાનીઓ અને શિક્ષકોએ આ મુદ્દે પત્ર લખ્યો હતો. કેન્દ્રીય શિક્ષણ રાજ્યમંત્રી સુભાષ સરકારે કહ્યું કે કોવિડને કારણે કોર્સને વધુ તાર્કિક બનાવાઈ રહ્યો છે. જો વિદ્યાર્થીઓ ડાર્વિનનો સિદ્ધાંત વાંચવા માંગે છે તો વેબસાઈટ પર જઈને અભ્યાસ કરી શકે છે. ધોરણ 12નાં પાઠ્યપુસ્તકમાં પહેલાથી જ ડાર્વિનના સિદ્ધાંતનો ઉલ્લેખ છે.

**નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :**
**www.satyashodhaksabha.com પર જાઓ.**

# હીંદુઓને ખતરો વર્ણવ્યવસ્થા તરફથી છે

**–એન. વી. ચાવડા**

**મો. – ૬૩૫૯૭ ૪૬૧૦૨**

હીંદુ ધર્મને ખતરો અન્ય કોઈ પ્રજા, કોમ, ધર્મ અને દેશથી નથી, પરંતુ તેને ખતરો એક માત્ર વર્ણવ્યવસ્થાથી જ છે. કારણ કે દેશના વડાપ્રધાન, ગૃહપ્રધાન, સંરક્ષણપ્રધાન વગેરે હીંદુઓ જ છે. લશ્કરની ત્રણેય પાંખના વડાઓ હીંદુઓ જ છે. મુખ્ય પોલીસ અધીકારીઓ હીંદુઓ જ છે, દેશના મીડીયા હીંદુઓના હાથમાં જ છે. દેશના વહીવટી અધીકારીઓમાં હીંદુઓ જ મોખરાના સ્થાને છે. દેશના મુખ્ય ઉદ્યોગપતીઓ હીંદુઓ જ છે. દેશના ન્યાયતંત્ર ઉપર હીંદુઓની જ બહુમતી છે. ઉપરાંત દેશની બહુમતી જનતા હીંદુ છે. આ સંજોગોમાં આપણા નેતાઓ અને વીદ્વાનો તથા ધર્મપ્રાચારકો હીંદુઓ અને હીંદુ ધર્મ ખતરામાં છે એવો નારો લગાવી રહયા છે તે સાચો હોય તો એનો અર્થ એમ થાય કે એ માટે જવાબદાર આપણું શાસન, પ્રશાસન, ન્યાયતંત્ર અને મીડીયા સીવાય કોઈ નથી. તેથી હીંદુ પ્રજા અને હીંદુ ધર્મને સુરક્ષીત કરવા માટે આપણી લોકશાહીના આ મુખ્ય ચાર સ્થંભોએ જ સુધરવાની આવશ્યકતા છે.

આપણા દેશના શાસક ચારેય સ્તંભો યાને કે શાસન, પ્રશાસન, ન્યાયતંત્ર અને મીડીયા  દેશના બંધારણના ઉમદા ધર્મનીરપેક્ષ લોકશાહી આદેશોનો અમલ કરવાને બદલે તેઓ વીદેશી આર્યોની આત્મઘાતક વર્ણવ્યવસ્થાનો જ ફકત અમલ કરી રહયા છે, જેના પરીણામે જ આજે દેશમાં અપરંપાર સમસ્યાઓ ઉભી થઈ છે. ૧૧ મી સદીમાં પણ જયારે વર્ણવ્યવસ્થાવાદી શાસન ચરમસીમા પર હતું ત્યારે દેશ વીદેશી આક્રમણકારીઓનો સાર્વત્રીક ભુંડો ભોગ બનીને વીદેશીઓનો ગુલામ બન્યો હતો. એમ આજે પણ દેશનું શાસન વર્ણવ્યવસ્થાવાદીઓના હાથમાં હોવાથી સમાજ અને દેશ, દેશ-વીદેશી વેપારી કંપનીઓ, ભ્રષ્ટાચારીઓ અને કૌભાંડકારીઓના ભોગ બને છે.

---

**'સત્યાન્વેષણ'નું વાર્ષીક લવાજમ (સત્યશોધક સભાના સભ્યપદ સાથે) રૂા. ૨૦૦ અને આજીવન રૂા. ૨,૦૦૦/– છે. મ. ઓ. કરો. જેઓ બેન્કમાં સીધા જમા કરાવવા માંગતા હોય તેઓ બેન્ક ઓફ બરોડા, પાર્લે પોઈન્ટ, સુરતના બચત ખાતા નં. 02580100015605, IFSC = BARB0PARLEP માં જમા કરાવી શકે છે. તેઓ જમા કર્યાનું કાઉન્ટર અત્રે મોકલાવે, અથવા મો. નં.–૯૯૭૮૮ ૯૬૩૬૪ પર ફોટો મોકલે.**

# સત્યાન્વેષણ

**મુખ્ય સંપાદક**

**સુર્યકાન્ત શાહ**

**સંપાદક મંડળ**

**બી. એ. પરીખ**
**સુગીત પાઠકજી**
**ડો. સુષ્મા ઐય્યર**
**મનસુખ નારીયા**
**જનક બાબરીયા**

**૧૫ જુન, ૨૦૨૩** | **સળંગ અંક : ૩૭૯** | **Vol. 17 No. 6**

**('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)**


## પ્રતીકની પુજા, ભાવનાનું ખુન !

**–સુર્યકાન્ત શાહ**

જ્યારે ભાવનાઓ શુષ્ક બની જાય છે, સુત્રોચ્ચારમાં રહી જાય છે અને તેનું સંસ્થાકરણ થાય છે ત્યારે પ્રતીકોની બોલબાલા વધી જાય છે. ભાવનાઓને શકય હોય તો પ્રતીકો વડે જ મારી નાંખવામાં આવે છે ! જુઓને, બંધારણાનુસાર રાજય બીનસાંપ્રદાયીક છે. વીશ્વના રાજકારણની ચોપાટ રમતા દાવા કરવામાં આવે છે કે આપણો દેશ બીનસાંપ્રદાયીક છે, વાસ્તવમાં રાજયને ચલાવતી કેન્દ્ર અને મોટા ભાગની રાજય સરકારો ડગલે ને પગલે બીનસાંપ્રદાયીકતાનું ખુન કરે છે. કેટલાક રાજકીય આગેવાનો તો પોતે બીનસાંપ્રદાયીક નહીં હોવાનું અને ચોકકસ ધર્મ તેમ જ કોમ માટે ગમે તે કરી લેવાની પોતાની આકાંક્ષાને રાજયના ખર્ચે જાહેરમાં નીવેદનો કરે છે, અને તે પ્રમાણેની પ્રવૃત્તીઓ કરે છે. આ બધાં લેવાતાં પગલા રેશનાલીસ્ટોએ બરાબર સમજવા તો જોઈએ જ. ત્યારબાદ એ અંગેની સમજ જેટલાને આપી શકાય તે આપવી જોઈએ.

આવું જ કંઈક હમણાં 'લોકશાહી' માટે બન્યું છે. જૂની સંસદના મકાનને તોડીને આ ગરીબ દેશમાં સૌથી શ્રીમંત એવા દેશને પણ શરમાવે એવા નવા સંસદ-મકાનનું ઉદ્દ્ઘાટન થયું.

ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ

તે પ્રસંગે ગળા ફાડીફાઢીને જાહેર જનતા સમક્ષ દાવો કરવામાં આવ્યો કે આ નવું મકાન તો વીશ્વભરના દેશોને લોકશાહીના પાઠ શીખવશે ! લોકશાહીના સીદ્ધાંતો વીશ્વને સમજવવા માટે ભારત અને તેનું આ નવું સંસદ-મકાન વીશ્વગુરુ બનશે ! આ મકાન લોકશાહીનું પ્રતીક હોવાનો દાવો કરવામાં આવ્યો. એ દાવાઓની ગુલબાંગના પડઘા હજી કાનમાં શમાયા નથી ત્યાં સરકારની જ નેશનલ એજયુકેશનલ, રીસર્ચ એન્ડ ટ્રેનીંગ (એનસીઈઆરટી)એ ગૌરવપુર્વક જાહેર કર્યું કે એણે પાઠયક્રમમાંથી વીદ્યાર્થીઓને લોકશાહીની સમજ આપતા પ્રકરણોને રદ કરી દીધા છે ! કોરોના પુરો થઈ ગયાને એક વર્ષ નીકળી ગયા બાદ એનસીઈઆરટી સા’વ અપ્રસ્તુત અને બુદ્ધીનું દેવાળુ દર્શાવતી દલીલ કરે છે કે કોરોનાને કારણે વીદ્યાર્થીઓ પર અભ્યાસનો બોજો હળવો કરવા આ લોકશાહી-વીરોધી એટલે કે રાષ્ટ્રવીરોધી કાર્યક્રમ એણે કર્યું છે ! સંસદ-મકાનના ઉદ્‌ઘાટન પ્રસંગે એવો પણ એક દાવો (નીરાધાર !) કરવામાં આવ્યો હતો કે લોકશાહી તો પ્રજાના લોહીમાં છે. આમ એના ઉદ્‌ઘાટન પ્રસંગે લોકશાહીના પ્રતીકની ભયંકર (!) પુજા કરવામાં આવી હતી.

એ ઉદ્‌ઘાટનના દશ જ દીવસમાં પ્રજાને જાણવા મળ્યું કે એનસીઈઆરટી દ્વારા સરકારે લોકશાહીનું ખુન કર્યું છે. વીદ્યાર્થીઓના અભ્યાસનું વીષયવસ્તુ ઓછું કરવામાં આવે તો એને અભ્યાસનો બોજો ઓછો થાય એ દાવો પોલો છે. વાસ્તવમાં તો જે વીષયવસ્તુ હોય તેને વીદ્યાર્થી સરળતાથી અને સહજતાથી કેવી રીતે સમજે તે પદ્ધતીઓને વર્ગખંડમાં લઈ જવાથી અભ્યાસનો બોજો ઓછો થતો હોય છે. એનસીઈઆરટી અને સરકારમાં બેઠેલાઓ આ બાબત જાણે છે, પરંતુ એમના જે રાષ્ટ્રવીરોધી લક્ષ્યાંકો છે તેમાં લોકશાહીની સાચી ભાવના, ડાર્વીનનો ઉત્ક્રાંતીનો સીદ્ધાંત, મોગલ સામ્રાજયની હકીકત અને રસાયણશાસ્ત્રના પાયાનો ટેબલ - આ બધું વચ્ચે આવે છે. આ બધાં આડખીલી છે. આવતી કાલની પ્રજા બીનસાંપ્રદાયીક અને સાચા અર્થની લોકશાહી સમજે અને કદાચ, તેવા વીદ્યાર્થીઓમાંથી કોઈક ભાવીમાં પેલી લોકશાહીને જીવંત રાખવા વીદ્રોહ કરે તે આ ધાર્મીક ‘સરમુખત્યારશાહી’ ની દીશામાં દેશને લઈ જનારાઓને પોષાય એમ નથી. આથી સાદી સમજમાં જરાય ઉતરે નહીં તેવું બાલીશ બહાનુ બતાવીને લોકશાહીની ભાવનાનું ખુન કરવામાં આવ્યું છે. આવા કાળા ડીબાંગ વાદળની એક રુપેરી કોર નીકળી છે. રાજયશાસ્ત્રના વીદ્વાનો પાલશીકર અને યાદવ રાજયશાસ્ત્રને લગતાં પાઠયપુસ્તકોના સલાહકાર છે. એનસીઈઆરટીના આવા લોકશાહીવીરોધી પગલાના વીરોધમાં એમણે રાજીનામું આપ્યું છે.

# સમાજ માટે કલંકરુપ ઘટના

**–તંત્રી લેખ**

એપ્રીલ -૨૦૨૩ના રોજ સૌરાષ્ટ્રમાં જસદણ પાસેના વીછીયા ગામે અંધશ્રદ્ધાના અતીરેક સમી અને વીચલીત કરી નાખે તેવી ઘટના બની.

તાંત્રીક વીધીના નામે એક દંપતીએ પોતાનાં જ માથાંની બલી ચડાવવાની ઘટના આજના આ આધુનીક સમયમાં બને તે સમાજ માટે અંધશ્રદ્ધા સામે વધુ જાગૃત થવાની ચેતવણી સમાન છે. પોતે જ પોતાનો ભાગ આપનાર આ ઘટનાના હેમુભાઈ મકવાણાની ઉંમર ૩૭ વર્ષ તથા તેમના પત્ની હંસાબેનની ઉંમર ૩૬ વર્ષ હતી. આ યુવા દંપતીએ કમલપુજા વીધી માટે પોતાનાં માથાં કપાવીને બલી ચઢાવી હતી. ગામના વાડી વીસ્તારમાં રહેતા આ દંપતીએ ઘર પાસે એક હવન કુંડ બનાવી તેની પાસે એક માંચડો તૈયાર કર્યો હતો. જેના ઉપરના ભાગે તીક્ષ્ણ ધારદાર પ્લેટને દોરીથી બાંધી હતી. બલી ચઢાવવાના સમયે આ દંપતીએ પ્લેટ બાંધેલી દોરીને સળગાવવામાં આવી. ધારદાર પ્લેટ છુટી પડી ને બંનેનાં માથાં ધડથી છુટાં પડયાં. તે હવનમાં બલી બની ગયાં. ૧ વર્ષથી તેઓ તાંત્રીક વીધી કરતાં હતાં. ઘર પાસે શીવલીંગ સ્થાપી મોડી રાત્રે રોજ તાંત્રીક વીધી કરતા હોવાનું પણ જાણવા મળ્યું છે.

આ દંપતીને ૧ પુત્ર અને પુત્રી છે. ઘટના સમય પહેલાં તેમને મામાને ઘેર મોકલી દેવામાં આવ્યાં હતાં.

તેમની સ્યુસાઈડ નોટમાં લખ્યું હતું કે તેઓ રાજીખુશીથી દેહત્યાગ કરે છે. તેથી કોઈપણ સગાસંબંધીને હેરાન પરેશાન કરવા નહીં.

આવી ઘટનાઓથી સમજી શકાય છે કે રેશનલ સંસ્થાઓ માટે સામા પુરે ઘણું તરવું પડે તેમ છે. માત્ર એકાદ રાજય પુરતી આ સમસ્યા નથી.

દેશના વધુ શીક્ષીત ગણાતા કેરાલામાં અને અન્ય રાજયોમાં, ઉપરાંત, અન્ય દેશોમાં પણ અંધશ્રદ્ધાની ગુલામીમાંથી માણસ હજુ સ્વતંત્ર થયો નથી. શા માટે ? સ્વાતંત્ર્ય સેનાની સમા રેશનાલીસ્ટોએ ઘણા પડકારો સામે કાર્ય કરવું પડે તેમ છે.

# જાદવ પુછે છે

**–સુર્યકાન્ત શાહ**

સત્યશોધક સભાના મંત્રી જાદવ વેકરીયા છે તો રેશનાલીસ્ટ, પરંતુ એમને સમાજને લગતા વીવીધ પ્રશ્નોને રેશનાલીઝમ થકી કેવી રીતે ઉકેલાય તેનું ચીંતન સહચીંતન કરવાની સદા ઉમેદ છે. આથી આ વખતે એમણે પ્રશ્ન પુછયો છે :

(૧) સમાજને માટે માણસનું કયું કાર્ય ઉત્તમ ગણાય ?

ચોકકસ એક જ કામને 'ઉત્તમ' નું બીરુદ આપી શકાય નહીં. વ્યકતી વ્યકતીએ રસક્ષેત્રે અને પ્રવૃત્તીનાં ક્ષેત્રો અને વીચારધારા અલગ હોય છે. સમાજ પણ ભાતભાતના હોય છે. મેઘાલયના અને ગુજરાતના સમાજમાં ઘણો તફાવત છે. આમ છતાં, એટલું કહી શકાય કે સમાજમાંની બધી જ વ્યકતીઓના આનંદનો કુલ સરવાળો વધે અને એ આનંદ લાંબા ગાળા સુધી ટકે એવું કોઈ પણ કાર્ય ઉત્તમ છે. કેટલીકવાર સમાજ પોતાના રીત રીવાજો અને ધર્મના અવૈજ્ઞાનીક આદેશોથી ત્રસ્ત હોય છે. એ રીતરીવાજો અને ધર્મને લગતા કામ સમાજના કુલ આનંદને વધારે એવું બને. રેશનાલીસ્ટોએ આવાં કામ કરતાં પહેલાં વીવેકબુદ્ધી વાપરવાની છે. દેખીતી રીતે સમાજમાં આ થકી કુલ આનંદ વધે, પણ લાંબે ગાળે એ ખુબ વધારે નુકસાનકારક બને છે. આથી રેશનાલીસ્ટો જ વીવેકબુદ્ધી વાપરીને પછી લાંબા ગાળાનો અને નીર્દોષ આનંદ શેમાંથી વધારે મળે તે નકકી કરી તેવાં કાર્યો જો તેઓ કરશે તો તે ઉત્તમ ગણાય.

## અપીલ

**ગુજરાતીભાષીઓ માટે રેશનાલીઝમ પર ચીંતન કરતું એક માત્ર 'સત્યાન્વેષણ' માસીક છે. માત્ર ગુજરાત-મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતીભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ 'સત્યાન્વેષણ'ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વીનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું 'સત્યાન્વેષણ' દરેક મહીનાની પંદરમીએ નીયમીતપણે બહાર પડે છે. એનું વાર્ષીક લવાજમ રૂા. ૨૦૦/- અને આજીવન રૂા. ૨૦૦૦/- છે. તે મ. ઓ. થી કે સત્યશોધક સભાના બેન્ક ઓફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.**

***દરેક 'સત્યાન્વેષણ'ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે 'સત્યાન્વેષણ' www.satyashodhak sabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ-મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.**

## બાગેશ્વર બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીને
## સત્યશોધક સભા દ્વારા પડકાર

ધીરેન્દ્ર શાસ્ત્રી ચમત્કાર પુરવાર કરે તો સત્યશોધક સભા રૂ. એક લાખનું ઈનામ આપશે. કોઈપણ ધર્મ હોય તેમાં ચમત્કારોની ભરમાર હોય છે, ખાસ તો ધર્મના સ્થાપક અને દરેક ધર્મના પોતાના ઈષ્ટ દેવની શ્રેષ્ઠતા પુરવાર કરવા ધર્મો તરફથી ચમત્કારોનો અધાર્મીક, અવૈજ્ઞાનીક અને પ્રજાનું શોષણ કરનારો  ઉપાય અજમાવવામાં આવે છે પરીણામે તે ધર્મમાં માનનારા કોઈકને 'તાવ' આવે કે પોતે પણ 'ચમત્કાર' કરી શકે છે તો એના દાવાના વીરોધ કરનાઓ જે તે ધર્મનો વીરોધ કરે છે તેવા અકકલ વગરનો આક્ષેપ કરવામાં આવે છે.

ચમત્કારો દ્વારા પ્રભુત્વ વધારવા અને જમાવવા ધીરેન્દ્ર સનાતન ધર્મનો માત્ર આશરો લે છે. આથી તેઓ સુરતમાં અને સૌરાષ્ટ્રમાં ગમે ત્યાં આવે એમની ખતરનાક ચાલ સમજનારા સમાજચીંતકો અને રેશનાલીસ્ટો એનો વીરોધ કરે છે ત્યારે બાધેશ્વરબાબા સનાતન ધર્મ જોખમમાં હોવાની બુમરાણ મચાવે છે. ચમત્કારના ટુંકા પણ વાંઝીયા ઉપાય વડે પોતાની મનીષા સીદ્ધ કરવા માટે ઈચ્છુક લોકોના ધાડેધાડા બાધેશ્વર બાબા અને તેમના જેવા બીજા ફરેબીઓના ભગત બની જાય છે. આથી સમાજચીંતકો અને રેશનાલીસ્ટોના સત્ય વીરુદ્ધ સંખ્યાબળ ભેગું થાય છે, અને તેમનો સમાજવીરોધી અવાજ હવામાં લહેરાયા કરે છે. આ પરીસ્થીતી હોવા છતાં સત્યશોધક સભા, સુરત માને છે કે સમાજના હીત માટે બાગેશ્વર બાબા અને તેમના કરતુતોનો વીરોધ તો થવો જ જોઈએ, તો જ સંખ્યા પર સત્યનો વીકલ્પ પ્રજાને માટે ખુલ્લો રહેશે. આ જ સંદર્ભે બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીનો વીરોધ કરનારાઓને રાજય રક્ષણ નહીં આપે અને ધમકી આપનારા હમેશાં ભુગર્ભમાં જ રહે છે અને બાબા એમનું સમાજવીરોધી ષડયંત્ર ચલાવ્યા જ કરે છે એ રાજયની નીષ્ફળતા છે. આપણે ત્યાં રાજયનો પોતાનો કોઈ ધર્મ છે નહીં, તે છતાં ધર્મના નામે ચમત્કાર અને ધમકીઓને આશરો લેનારા તો રાજયની પકડની બહાર હોવા જોઈએ જ નહીં. આથી સત્યશોધક સભા, સુરત બાગેશ્વર બાબાના ચમત્કારોનો સખત વીરોધ કરે છે અને રાજયને એમની આવી પ્રવૃત્તીઓ અટકાવવા સક્રીય બનવા અનુરોધ કરે છે.

સત્યશોધક સભા છેલ્લા ત્રણ દાયકાથી પડકાર ફેંકે છે કે જેઓ ચમત્કાર પુરવાર કરે તેમને ઓછામાં ઓછા એક લાખ (૧,૦૦,૦૦૦/-) રૂપીયા આપવા. આ સંદર્ભે બાગેશ્વરબાબા ચમત્કાર પુરવાર કરવા માટે અમારી પુર્વશરતો માન્ય કરશે એવો સત્યશોધક સભા, સુરત દ્વારા બાગેશ્વર બાબાને પડકાર આપવામાં આવે છે. જો તેઓ અમારો પડકાર સ્વીકારશે તો અમે તેમની સભામાં હાજર રહીને એમના ચમત્કારનો પર્દાફાશ કરીશું.

## એક અને અનેક

તમને કોઈ એક વ્યકતી ગમે તો તેના જે વાણી-વર્તન હોય છે તે નોંધો. બીજા પ્રસંગે એ વ્યકતી સાથે બીજી વ્યકતી હોય ત્યારે એ જ વાણી-વર્તન નોંધો. આમ એક એક વ્યકતી ઉમેરતા જાઓ. તમને એ વ્યકતીનાં વાણી, વર્તનમાં ઘણા તફાવતો નજરે પડશે. જો એ લોકો મોટી સંખ્યામાં થશે તો તેઓ અંદરોઅંદર નાનાં નાનાં જુથ બનાવશે. ત્યારબાદ ઘણીવાર એક વ્યકતી સાથે નહીં પણ એના જુથ સાથે વ્યવહારો કરવા પડે છે. વીજ્ઞાને જોયું છે કે ભૌતીકશાસ્ત્રમાં પણ આવું થતું હોય છે. એક ઈલેકટ્રોન હોય તો તેની જ ગતી વીધી હોય છે ! એકલ દોકલ ઈલેકટ્રોનને અન્ય સાથે અથડાવા-કુટાવાનું આવતું નથી. વધારે ભેગા થાય ત્યારે પરસ્પરના આવા અથડાવા-કુટાવા-પરસ્પર વચ્ચેનું ગુરુત્વાકર્ષણ વગેરે કામ કરતા થઈ જાય છે. એમાં પણ નાનાં-નાનાં જુથ બની તેઓ પોતપોતાના પરીઘમાં રમ્યા કરે છે ! આથી એકમ અને સમષ્ટીના અવલોકનો અને તેમની સાથે લેવામાં આવતી કામગીરી અલગ હોય છે.

આમ, એકલદોકલ કણ અને કણોના સમુહ સા'વ જુદા જ પ્રકારના અભ્યાસ માંગે છે. વીજ્ઞાનની શરુઆત થઈ તે પહેલા ધર્મોએ સચરાચર અને આ દુનીયાના અસ્તીત્વ તથા એની ગતી-વીધી માટેના નીયમો બનાવી દીધા હતા. એના પર તદ્દન અવાસ્તવીક એવા ખુદા-ગોડ ભગવાનના નામનો થપ્પો મારી તે નીયમો અફર હોવાનો દાવો કરી દીધો હતો. વીજ્ઞાનનાં સંશોધનો થકી એ નીયમોમાં ફેરફાર કરવા અથવા અને ત્યજી દેવાનો પડકાર ધાર્મીક એજન્ટો સમક્ષ આવ્યો. જો તેઓ એવું કરે તો એમની દુકાન ચાલે નહીં. આથી એમણે એવું ડીંડવાણું ચલાવ્યું છે કે વીજ્ઞાનનાં સંશોધનોથી ઉલટું એવું પુરવાર થાય છે કે સચરાચરમાં અસંભવીતતાઓ ઘણી છે. આટલું જણાવીને એમણે દાવો કરી દીધો છે કે અસંભવવીતતાઓ જ અપાર્થીવ તત્ત્વની હાજરીનો પુરાવો આપે છે !

# રેશનાલીસ્ટોનું એક અભુતપુર્વ સંમેલન –૫

**–સુર્યકાન્ત શાહ**

(તા. ૨૮-૨૯ જાન્યું '૨૩ ના રોજ ગોધરામાં ગુજરાત-મુંબઈ રેશનાલીસ્ટ એસો. અને ગોધરાના હ્યુમેનીસ્ટ રેશનાલીઝમ એસો. યોજીત સંમેલન 'રમણ ભ્રમણ' સુવર્ણચંદ્રકથી આભુષીત ડૉ. સુજીત વલીની રાહબરી હેઠળ યોજાયું. એમા વીવીધ બેઠકોમાં વીવીધ વક્તાઓએ વીવીધ વીષયો પર પોતાના અનુભવોનાં ભાથાં સહીત વીદ્વતાપુર્ણ વ્યાખ્યાનો આપ્યાં. ગત તા. ૧૫-૦૨-૨૩ ના 'સત્યાન્વેષણ'ના અંકથી એની બેઠક દીઠ અહેવાલ આપવાનું શરુ કર્યું છે. આજના અંકમાં અહેવાલ સંપુર્ણ. -સુ.)

તા. ૨૯મીની પહેલી બેઠક 'ભગત સીંહનો વીચાર વૈભવ' પર મીમાંસા કરવા મળી. પીયુષભાઈ જાદુગર પ્રમુખસ્થાને હતા. આ બેઠકની શરુઆત કરતાં વીક્રમભાઈ વજુદે જણાવ્યું કે ત્રેવીસ વર્ષની નાની ઉંમરે ભગતસીંહ એક ક્રાંતીવીર તરીકે ભારતની પ્રજા સમક્ષ પેશ થયા. સ્વતંત્રતાની ચળવળમાં અને રાજકારણમાં તેઓ ક્રાંતી ભરપુર જાગૃતી લાવવા માંગતા હતા. આથી એમણે એસેમ્બલીમાં બોંબ ફોડયો. એમની ફાંસી થવાના થોડા સમય પુર્વે ધર્મગુરુઓએ એમને ધાર્મીક ગ્રંથો આપ્યા. બચેલા થોડા સમય માટે પણ દીક્ષા લેવા જણાવ્યું. ભગતસીંહે તેનો સ્પષ્ટ ઈનકાર કર્યો. એ નાસ્તીક અને રેશનાલીસ્ટ હતા. એમણે એમના વીચારો લોકો અને ખાસ તો યુવાનો સમજે તેથી સાદી ભાષામાં જ પોતાની વાતો કરી. ફાંસી પહેલા દીક્ષા લેવાનો ઈનકાર કર્યા પછી એમને ખ્યાલ આવ્યો કે એમના રેશનલ વીચારોને ધર્મગુરુઓ ધર્મની ભાષામાં મુકશે, અને પોતે મર્યા પહેલા આસ્તીક થઈ ગયા હતા તેવો પ્રચાર કરશે. આથી એમણે તાબડતોબ દેશવાસીઓને ઉદ્દેશીને પોતાના વીચારોને પત્ર સ્વરુપમાં મુકયા. એ પત્ર જેલની બહાર જાય અને તેનો બહોળો પ્રચાર થાય તે તેઓ એમના મીત્રોની મદદથી ગોઠવી શકયા. જો ફાંસી પહેલા ભગતસીંહ આ તકેદારી નહીં રાખતે તો તેઓ આજે આપણી વચ્ચે આસ્તકથી જ ઓળખાતે !

ભાવીક રાજાએ ભગતસીંહ અંગે ઘણી અણજાણીતી વાતો કરી. એમનું કુટુંબ શ્રીમંત અને સુધારક હતું, છતાં ધાર્મીક તો હતું જ. જલીયાવાલા બાગની ઘટનાથી દ્વીત થઈને તેઓ ઉદ્દામ ક્રાંતીકારી બની ગયા. એમણે પોતાના વીચારો ધારદાર રીતે રજુ કર્યા તેથી અનેક

જુવાનીયા એમની સાથે જોડાયા. ગાંધીજીએ અચાનક સ્વતંત્રતાનું આંદોલન ખેંચી લીધું તેથી અનેક જવાંમર્દ લડવૈયાઓ માટે શુન્યાવકાશ થયો. એમાંના ઘણાએ તો નોકરી-ધંધો-કુટુંબ છોડી દીધા હતા. ભગતસીંહથી આ સહન નહીં થયું. તેઓ સમાજવાદમાં માનતા હતા. એ માનતા કે બ્રીટીશરોની ઘુંસરી ફગાવી દેવી હોય તો દેશમાં અરાજકતા ફેલાવી જોઈએ. આથી જ એમણે એસેમ્બલીમાં બોંબ ફેંકવા-ફોડવાનું રાખ્યું હતું. એમણે જેલને પણ આંદોલનનું કેન્દ્ર બનાવ્યું. પોતાના વીચારોને સમાવતો ૪૦૦ પાનાનો દળદાર ગ્રંથ એમણે જેલમાં લખ્યો. એમનું 'ઈન્કલાબ ઝીન્દાબાદ !' સુત્ર સર્વત્ર ગાજતું હતું. ક્રમશઃ તેઓ સામ્યવાદી બન્યા. મરતા મરતા પણ એમણે પ્રજવલીત ક્રાંતી કરવાની જ ઘોષણા કરી. ચર્ચાને આગળ વધારતા સીદ્ધાર્થ દેગામીએ યુવકોને ભગતસીંહની જેમ સીંહની છાતીવાળા થવા આહ્‌વાન કર્યું. પીયુષ જાદુગરે ભગતસીંહના એક તીક્ષ્ણ તર્કની શીબીરાર્થીઓને જાણ કરી. ધાર્મીક ઠેકેદારોને ભગતસીંહની નાસ્તીકતા એટલા માટે ખટકતી હતી કે એ નાની વયે ખાસ કરીને યુવાનોમાં લોકપ્રીય બન્યા હતા. આથી એમણે ભગતસીંહને વાર કર્યો કે, 'તમે તમારી જાતને ઈશ્વરના પ્રતીદ્વંદ્વી માનો છો.' ભગતસીંહે તરત જ તીક્ષ્ણ તર્કથી જવાબ આપ્યો કે, 'ઈશ્વર તો છે જ નહીં, તો એ મારો પ્રતીદ્વંદ્વી બને કેવી રીતે ?' લોકના દુઃખ અને અસમાનતા પરત્વે તેઓ ભારે સંવેદનશીલ હતા. એનો ઉકેલ નાસ્તીકતામાં અને ડાર્વીનવાદમાં પડયો છે તેવું દ્રઢપણે માનતા. ધર્મની જો ઉંડી તપાસ કરવામાં આવે તો એ પ્રત્યેક વ્યકતીને સ્વાર્થાંધ બનાવે છે તેવો વીચાર તેઓ ધરાવતા હતા.

આ બેઠક બાદ સુજાત વલીએ અંધવીશ્વાસ વીરુદ્ધની ટુંકી ફીલ્મ દર્શાવી હતી. તે પ્રસંગે બોલતા એમણે જવાવ્યું કે અંધવીશ્વાસ ચમત્કારમાં સામેલ કોઈ પણ વ્યકતી જો કાનુની લડાઈ આપશે. તો તેઓ એને આર્થીક સહયોગ આપશે. વલીની આ જાહેરાતને શીબીરાર્થીઓએ તાળીથી વધાવી લીધી હતી.

ત્યારબાદ બેઠકને મનીષી જાનીએ બધા જ શીબીરાર્થીઓની બેઠક બનાવી દીધી હતી. પ્રત્યેક શીબીરાર્થીને એક વીષય દર્શાવતી ચીઠ્ઠી આપવામાં આવી. એ વીષય પર પ્રત્યેક શીબીરાર્થીએ પોતાના વીચારો વ્યકત કર્યા. વીચારોની આ અભીવ્યકતી દ્વારા જાણવા મળ્યું કે આપણા ગુજરાતમાં કંઈ કેટલીયે વ્યકતીઓ નાસ્તીકતા અને રેશનાલીઝમ માટે સંપૂર્ણ પ્રતીબદ્ધ છે. આ બેઠકની ફળશ્રુતી દર્શાવતા જાનીએ જણાવ્યું કે રેશનાલીઝમનું એક પાયાનું લક્ષણ સહભાગીદારીનું છે. આ નાના શા પ્રયોગ દ્વારા શીબીરાર્થીઓને એની ઉપયોગીતા

સમજાઈ એ જ સીદ્ધી છે.  આ પ્રસંગે **રમેશ સવાણી**એ જણાવ્યું કે સૌથી વધારે અગત્યનો મુદ્દો એ છે કે આપણે સૌ રેશનાલીઝમ પરત્વે પ્રતીબદ્ધતા કેળવીએ. શકય એટલા વધારે કાર્યક્રમો કરીને તે દ્વારા લોકો સુધી પહોંચીએ. **ડો. સુજાત વલી**એ શીબીરાર્થીઓને આગ્રહ કર્યો કે તેમના તરફથી યોજાતા દર બુધવારના વેબીનારમાં તેઓ ભાગ લે. પ્રમુખસ્થાનેથી સમાપન કરતાં **પ્રો. સત્યમ્ જોશી**એ જણાવ્યું કે બેઠકમાં જેમ દ્વીમાર્ગી વ્યવહાર દ્વારા આપણે એકબીજાને સમજવાનું રાખ્યું તેમ સતત આપણે એકબીજાને અને વીશાળ સમાજને સમજવાનું રાખીએ. આમ કરતા આપણે રેશનાલીઝમનો સંગીન પ્રચાર-પ્રસાર કરી શકીશું.

તા. ૨૯મીની છેલ્લી ચર્ચા બેઠક **તૃપ્તી શેઠ**ના પ્રમુખપદે 'પીતૃસમાજ અને અંધશ્રદ્ધા' વીષય માટે મળી. તૃપ્તી શેઠે સમાજમાં ડાકણ પ્રથાનું સમાજકારણ અને અર્થકારણ સમજાવતા જણાવ્યું કે ખાસ કરીને પુરુષ મહીલાઓના શોષણ માટે 'ડાકણ'ની અંધશ્રદ્ધાને ઉત્તેજન આપે છે. ચોકકસ મહીલાને સમાજની દ્રષ્ટીએ તીરસ્કૃત બનાવવા અને એના આર્થીક હીતોને ઓળખી લેવા ડાકણના વહેમનો વ્યાપ વધારવામાં આવે છે. રીવાજ અને પરંપરાના નામે પીતૃ-સત્તાક સમાજના મોભીઓ વાસ્તવમાં અંધશ્રદ્ધાને વધારે છે. ચર્ચાને આગળ વધારતા **જાગુ પટેલે** મહીલાઓના શોષણની વાતો જરા લાગણીશીલ બનીને કરી. મહીલાઓનું શોષણ કરવા માટે પીતૃસત્તાક સમાજ બહેનોના અલગ વ્યકતીત્વને જનમવા જ દેતો નથી. મીલકતથી માંડી મહેનતાણાં સુધી બધાં જ ક્ષેત્રોમાં મહીલાને ઓછું મળે તે માટે ઘનીષ્ઠ પ્રયત્નો થાય છે. જાતીય શોષણ પણ પીતૃસત્તાક સમાજને ટકાવવા માટે જ ઘણા કીસ્સાઓમાં થતું હોય છે. બંધારણે તો મહીલાઓને સમાનતાના પાયે હક આપ્યા, પરંતુ તે મેળવવા મહીલાઓએ જ મથવું પડે. ધર્મના નામે સ્ત્રીઓનું ભયંકર શોષણ થાય છે. ઘરની ચાર દીવાલો વચ્ચે સ્ત્રીની સલામતી હોવાનો દાવો પોકળ છે. દીવાલો જેટલી ઉંચી એટલું સ્ત્રીનું દીવાલો વચ્ચે વધારે અને વીવીધ શોષણ થાય છે.

**સુષ્મા અય્યરે** સ્વાનુભવ જણાવતા જણાવ્યું કે પોતે દશ-બાર વર્ષના થયા ત્યાં સુધી જ્ઞાતી-જાતી જેવી કોઈ બલા છે તેની એમને ખબર જ નહોતી. એનું કારણ એમણે પોતાના કટુંબમાં આનંદોલ્લાસ જ છે.  એમનાં પતી-બાળકો ખુલ્લાપણુ અને વીવેકબુદ્ધીવાદમાં જ કાર્યરત છે. એમના કુટુંબમાં પીતૃસત્તાક સમાજનો અંશ પણ નથી. પીતૃસત્તાક સમાજ ઈ.સ. પુર્વે ૩૦૦૦થી શરુ થયો ત્યારથી મહીલાઓ સતત શંકાના દાયરામાં છે. મહીલાઓના માનસને

પુરુષોએ એટલું ગુલામ બનાવી દીધું છે કે મહીલાઓ પોતે જ પોતાને 'અબળા' માનતી થઈ ગઈ છે. છેવટે તૃપ્તી શેઠે સમાપન કર્યું હતું.

ચોથી બેઠકમાં ગુજરાત-મુંબઈ રેશનાલીસ્ટ એસોસીએશના માળખા પર વીચારણા થઈ હતી. ત્યારબાદ બધા જ શીબીરાર્થીઓ ગોધરાની અને ખાસ તો ડો. સુજત વલીના આતીથ્યની મધુરી યાદ સાથે લઈને છુટા પડયા હતા.

---

## ચાર્વાક્ અને જૈનો સરખા !

'સત્યાર્થ-પ્રકાશક'માં દયાનંદ જણાવે છે,' વામમાર્ગીઓએ મીથ્યા કપોળ-કલ્પના વેદોનાં નામે સ્વ-પ્રયોજન સીદ્ધ કરવા એટલે કે મરજી મુજબ મદ્યપાનમાં અને પરસ્ત્રીગમન વગેરે દુષ્ટ કર્મો કરવા માટે વેદોને કલંક લગાડયું હતું. હવે તેમની એવી એવી વાતોને જોઈને ચાર્વાક, બૌદ્ધ અને જૈન લોકો પણ વેદોની નીંદા કરવા લાગ્યા, અને વેદ વીરુદ્ધ એક અલગ અનીશ્વરવાદી-નાસ્તીક મત ચલાવી દીધો. જો ચાર્વાક વગેરેએ વેદોના મુળ અર્થો પર વીચાર કર્યો હોત, તો તેઓ આ જુઠી ટીકાઓને જોઈને સત્ય વેદોકત મતથી હાથ ધોઈ બેઠા ન હોત. પરંતુ શું કરે બીચારા !

---

**'સત્યાન્વેષણ' માસીક**

**ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ, સેન્ટ્રલ ટુલ્સ, ૧૯૯૬ અન્લચે**

**સત્યાન્વેષણ માસીક સંચાલીત માહીતી**

**ફોર્મ નં. : ૪ (નીચમ નં. ૮ મુજબ)**

સમાચારપત્રનું નામ : 'સત્યાન્વેષણ' પ્રકાશનની સામચીકતા : માસીક, સમાચાર પત્રની ભાષા : ગુજરાતી, પ્રકાશક : સત્યશોધક સભા, મુદ્રક : સુર્યકાન્ત સોભાગચંદ શાહ, સુરત, શ્રી શં ફ. અગ્રવાલ ટ્રસ્ટ, ગોપીપુરા, સુરત રાષ્ટ્રીયતા : ભારતીય, માલીક : સત્યશોધક સભા, સરનામુ : C/o. શ્રી શં ફ. અગ્રવાલ ટ્રસ્ટ, ગોપીપુરા, સુરત. અવધી : માસીક-કીંમત : વાર્ષીક લવાજમ રૂા/. ૧૦૦, આજીવન રૂા. ૧૦૦૦/. હું સુર્યકાન્ત સોભાગચંદ શાહ મુખ્ય સંપાદક : સત્યશોધક સભા, આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વીગતો મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

**તા. ૧૫-૩-૨૦૨૩** **સુર્યકાન્ત શાહ**

# મીથ્યા બ્રહ્મજ્ઞાનનો ઘમંડ

**–પ્રવીણ ગઢવી**

દેવરાત જનક ક્ષત્રીય હોવા છતાં વીશ્વમીત્રની જેમ રાજર્ષી થયેલા હતા. તેમને રાજનીતી કરતાં બ્રહ્મવીદ્યામાં વીશેષ રસ હતો. અવારનવાર સંગતી બોલાવી તેઓ સાથે વેદ અને બ્રહ્મજ્ઞાન પર ચર્ચા કરવાનું એમને બહુ પ્રીય હતું.

એક વાર એમણે દક્ષીણા યજ્ઞોત્સવ યોજયો અને આર્યાવર્તના અનેક રુષીઓને નીમંત્રણ આપી બોલાવ્યા.

દેવરાત જનકને 'ઉપસ્થીત રુષીગણમાંથી સર્વશ્રેષ્ઠ બ્રહ્મનીષ્ઠ રુષી કોણ ?' તે જાણવાની જીજ્ઞાસા થઈ. તેથી તેઓએ સહસ્ત્ર ગૌના દરેક શૃંગ પર પાંચ પાંચ સુવર્ણમુદ્રાઓ બંધાવી અને ઘોષણા કરી કે, 'જે સર્વશ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાની હોય તે આ હીરણ્યશૃંગા સહસ્ત્ર ગૌનો અધીકારી થશે.'

રુષીગણમાં સળવળાટ અને ગણગણાટ થયો. 'પોતે સર્વશ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાની છે. તેવું નકકી કેવી રીતે કરવું ?' સર્વે વીમાસણમાં હતા, ત્યારે રુષી યાજ્ઞવકલ્ય ઉભા થઈ ગયા અને એમની સાથે આવેલા એમના શીષ્ય સોમશ્રવાને હીરણ્યશૃંગા સહસ્ત્ર ગૌને આશ્રમના વ્રજમાં લઈ જવા આદેશ કર્યો.

સર્વ રુષીગણમાં ખળભળાટ મચી ગયો, અને ચણબણાટ થવા લાગ્યો. 'યાજ્ઞવલ્કય પોતાની જાતે પોતાને સર્વશ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાની, બ્રહ્મનીષ્ઠ કેવી રીતે કહી શકે ?' દેવરાત જનકના હોતા-પુરોહીત અશ્વલથી ન રહેવાયું.

'રુષીવર્ય યાજ્ઞવલ્કય શું આપ જ સર્વ શ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાની છો ? એ કેવી રીતે નકકી કર્યું ? કેવી રીતે માનુ લીધું ?'

'જે સર્વ શ્રેષ્ઠ બ્રહ્મનીષ્ઠ હોય તેને મારા નમસ્કાર. મારે તો હીરણ્યશૃંગા સહસ્ત્ર ગૌ જોઈતી હતી. તે મેં લીધી. હું ગૌલોભી છું.'

'બ્રહ્મ સત્ય અને જગત મીથ્યા'એમ રટણા કરવી અને જીવ ગૌમાં ! 'સર્વ રુષીગણમાંથી પોકાર ઊઠયો.

'યાજ્ઞવલ્કય,' અશ્વલ બોલ્યા, 'વીશ્વમાં સર્વત્ર મૃત્યુ વ્યાપ્ત છે, તો મને કહો કે યજમાન મૃત્યુંજય કેવી રાતે થાય ?'

'અશ્વલ, પહેલાં તો આનો અર્થ સમજવો પડે. અગ્ની પેટાવી હવન-સામગ્રી હોમવી તે યજ્ઞ નથી. સાચો યજ્ઞ તો માનસયજ્ઞ છે. તેથી યજમાન રુત્વીકરુપી અગ્ની અને વાણી દ્વારા મૃત્યુનું અતીક્રમણ કરી શકે છે. વાણી અગ્ની છે. વાણી જ યજ્ઞસની હોતા છે. વાણી જ મુકતી છે. અતીમુકતી છે.'

'યાજ્ઞવલ્કય, સંસારમાં સર્વ દીન રાત્રીથી વ્યાપ્ત છે. તો યજમાન તેનું અતીક્રમણ કેવી રીતે કરી શકે તે કહો.'

'અધ્વર્યુ, રુત્વીક અને ચક્ષુરુપી આદીત્ય દ્વારા. ચક્ષુ મુકતી છે, ચક્ષુ આદીત્ય છે.'

'સર્વ પુર્વપક્ષ અને અપર પક્ષથી વ્યાપ્ત છે. તો યજમાન તે કેવી રીતે અતીક્રમી શકે ?'

'ઉદગાતા, રુત્વીકથી અને વાયુરુપ પ્રાણ થકી, કેમ કે ઉદગાતા યજ્ઞનો પ્રાણ છે. પ્રાણવાયુ છે. તે જ મુકતી છે.' યાજ્ઞવલ્કયે કર્મકાંડી યજ્ઞની બ્રહ્મવાદી વ્યાખ્યા પ્રસ્તતુત કરી.

આખરે અશ્વલ થાકયા અને બેસી ગયા.

હવે જરત્કારુ-પુત્ર આર્તભાગ રુષી યાજ્ઞવકલ્યની પરીક્ષા કરવા ઉભા થયા.

'ગ્રહ કેટલા છે અને અતીગ્રહ કેટલા છે ?'

'ગ્રહો અષ્ટ છે. અતીગ્રહો પણ અષ્ટ છે, અને એના નામ છે પ્રાણ, વાક્, જીહ્વા, ચક્ષુ, કર્ણ, મન, હસ્ત અને ત્વચા.'

'સંપૂર્ણ સંસાર મૃત્યુનો આહાર છે.' પરંતુ મૃત્યુ કયા દેવતાનો આહાર છે ?'

'અગ્ની મૃત્યુ છે, અને મૃત્યુ જલદેવતાનો આહાર છે.'

'પ્રાણી મૃત્યુ પામે ત્યારે આત્મા ઉપર જાય છે કે નથી જતો ?'

'અહીંથી કશું બહાર જતું નથી. અહીં જ સર્વ લીન થાય છે.'

'મર્યા પછી પુરુષથી શું છુટતું નથી ?'

'નામ.'

'મૃત્યુ પછી શરીરમાં ચક્ષુ ઈત્યાદી અંગો ભસ્મ થઈ જાય છે, પણ પુરુષ (આત્મા) જયા જાય છે ?'

'આર્તભાગ, આ પ્રશ્નનો ઉત્તર ભરી સંગતીમાં આપી નહી શકાય. એ માટે એકાંતમાં મળવું પડે.'

'શા માટે એમ ?' કોઈએ પ્રશ્ન કર્યો.

હવે ચક્રપુત્ર ઉષસ્ત ઉભા થયા.

'યાજ્ઞવલ્કય, મને કહો કે જે સાક્ષાત્ અમરોક્ષ બ્રહ્મ અને સર્વની ભીતર વીદ્યમાન આત્મા છે, તે શું છે ?'

'ઉષસ્ત, તારો આત્મા છે, તો શું છે ?'

'પણ મારો આત્મા એટલે શું ?'

'તારા આત્માને કારણે તું શ્વસનક્રીયા કરી શકે છે, ઉષસ્ત પ્રાણવાયુ જ બ્રહ્મ છે.'

'એમ નહીં, અશ્વ કે વૃષભને જ પકડીને બતાવી શકાય, એમ આત્મા બતાવો.'

'કેટલીક વસ્તુની કેવળ પ્રતીતી થાય. પ્રત્યક્ષ ન બતાવી શકાય.'

યાજ્ઞવલ્કયે શીષ્ય સોમશ્રવાને સહસ્ત્ર ગૌ હાંકી જવા ફરી ઈશારો કર્યો. આ જોતાં જ શકલ રુષીનો યુવાપુત્ર શાકલ્ય ઉભો થયો અને યાજ્ઞવલ્કય ઉપર પ્રશ્નોનો મારો ચલાવવા લાગ્યો.

'દેવતા કેટલા છે ?'

ત્રણ સહસ્ત્ર અને ત્રણ.'

'વીચારીને કહો. દેવતા કેટલા છે ?'

'તેત્રીસ.'

'હજી વીચારીને કહો.'

'છ.'

'હજી વીચારો.'

'ત્રણ.'

'એક વાર વધુ વીચારો.'

'બે.'

'હું છેલ્લી વાર પૂછું છું, દેવતા કેટલા છે ?'

'એક.'

'એ કયા દેવતા ?'

'પરમાત્મા.'

'શાલ્ય, હવે મારા પ્રશ્નનો ઉત્તર આપ. અન્યથા તારું મસ્તક ભાંગી નાંખીશ.' યાજ્ઞવલ્કય યજ્ઞાગ્ની જેવા ક્રોધાયમાન થયા.

'પુછો, જે પુછવું હોય તે પુછો.' શાકલ્યે છાતી પર હાથની પાલથી મારી.

'પરમાત્માનું સ્વરપ મને સમજાવ.'

'પરમાત્માનું સ્વરુપ તો હજી આપ પણ કયાં સમજી શકયા છો ?'

શાકલ્યનો ઉત્તર સાંભળી યાજ્ઞવલ્કય એના પર મુષ્ટી પ્રહાર કરવા ધસ્યા. રુષીઓએ ઉભા થઈને એમને પકડી લીધા.

દેવરાત જનકને થયું. 'સર્વ □રુષી યાજ્ઞવલ્કયની પરીક્ષા કરી ચુકયા અને યાજ્ઞવાલ્કય એમનાં જ્ઞાન, અને તપથી નીઃશંક બ્રહ્મનીષ્ઠ પ્રમાણીત થયા છે. હવે તો હીરણ્યશૃંગા સહસ્ત્ર ગૌના એ અધીકારી છે જ.'

દેવરાત જનક ઘોષણા કરવા ઉભા થવા ગયા, ત્યાં વચક્રુપુત્રી ગાર્ગી ઉભી થઈ.

'મહારાજ, યાજ્ઞવલ્કયને પ્રશ્નો પુછવાની મને અનુમતી આપો.

સંગતીમાં હસાહસ થઈ. 'એક સ્ત્રી યાજ્ઞવલ્કયને પ્રશ્નો પુછશે.'

'અનુમતી છે. સંગતીમાં કોઈ સ્ત્રી-પુરુષ ઉંચનીચ નથી.'

'રુષીવર્ય યાજ્ઞવલ્કય, હું આપને ત્રણ જ પ્રશ્ન પુછીશ. સાવધાન.'

'પુછ, સાવધાન જ છું.'

'જે ધુલોકથી ય ઉંચો અને પાતાલલોકથી નીચો છે. જે ભુત, ભવીષ્ય અને વર્તમાનમાં વીધામાન છે, તે શેમાં ઓતપ્રોત છે ?'

'બ્રહ્મલોકમાં'

'તો બ્રહ્મલોક' શેમાં ઓતપ્રોત છે ?'

'આકાશમાં' 'તો આકાશ શેમાં ઓતપ્રોત છે ?'

પ્રશ્ન સાંભળતા જ યાજ્ઞવલ્કય ધૂંઆફુંઆ થઈ ગયા.

'ગાર્ગી, સંયમ રાખતાં શીખ. બ્રહ્મની ઉપર કોણ છે તે જાણવાનો વ્યર્થ પ્રયાસ ન કર. અન્યથા હું તારું શીર ફોડી નાંખીશ, સમજી ?' યાજ્ઞવલ્કયે મુષ્ટી ઉગામી.

ગાર્ગી સહજ પણ વીચલીત ન થઈ.

'એમ કહોને આપ જાણતા નથી.'

'ગાર્ગી, તું ચુપ થા. એ ન ભુલ, તું એક સ્ત્રી છે. તારી વય પણ નથી.'

'રુષીવર્ય, હું સ્ત્રી હોઉ કે પુરુષ - નાની હોઉં કે મોટી હોઉં - જ્ઞાનપ્રાપ્તી સાથે એનો શો સંબંધ છે ?'

'પ્રશ્નો પુછવાની પણ એક સીમા હોય છે. ગર્ગી. જ્ઞાનની સીમા પુરી થાય ત્યાં બ્રહ્મજ્ઞાની કહે તેનો વીશ્વાસ રાખવો જોઈએ.'

ગાર્ગી સમસમી રહી, 'આ મીથ્યા બ્રહ્મજ્ઞાનનો ઘમંડ નથી શું ?'

# સલામ જયંત પંડયાને !

સલામ જયંત પંડયાને ! સલામ વીજ્ઞાન જાથાને ! સલામ વીજ્ઞાન જાથાના કાર્યકરોને !

સમયાંતરે અને ખાસ કરીને સામી ચુંટણીએ છેલ્લા દશ વર્ષથી એક યા બીજો બાબો ભુગર્ભમાંથી એકાએક ફુટી નીકળે છે. ધર્મના નામે લોકોને ઘેલા બનાવી શકાય છે, અને ખોબળા ભરીને મત મેળવી શકાય છે. ધર્મની સાથે ચમત્કાર તો હોય જ. ચમત્કારનો આખો ધંધો પ્રજાને પાયમાલ કરનારો અને બાબાઓ અને તેમનું સર્જન કરનારાઓને મોટી કમાણી કરાવનારો છે. રાજકોટના 'રમણભ્રમણ' સુવર્ણચંદ્રકથી આભુષીત જયંત પંડયા આ પ્રપંચ બરાબર સમજે છે. એમણે વીજ્ઞાન જાથા દ્વારા ફરેબીઓના ચમત્કારોની લીલા સંકેલી નાખવા માટે બહુ મોટુ અભીયાન ચલાવ્યું છે. પંડયા જાણે છે કે નવા ચમત્કારી બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીની પાછળ ઘણા પ્રભાવક અને અસરકારક પરીબળો ટેકામાં છે. આ જાણ્યા છતાં પંડયાએ ધીરેન્દ્રને પડકારવાનું રાખ્યું એ જ એમની હીંમત અને રેશનાલીઝમ માટે કંઈક કરી છુટવાની ભાવના દર્શાવે છે. ધીરેન્દ્ર પોતાને એક બલ્બ ગણાવે છે, જેનું પાવર હાઉસ હનુમાન છે. આ ધીરેન્દ્રનો દાવો છે. પોતે ચમત્કારી નથી પણ હનુમાનની આજ્ઞાને વશ હોવાની દંભી નમ્રતા બતાવે છે. એના ચમત્કારને પડકારવા એટલે હનુમાનને પડકારવાનું યુકતીપુર્વકનું સમીકરણ એમણે ગોઠવ્યું છે. પરીણામ એ આવે કે ધીરેન્દ્રને પડકારવા એટલે હનુમાનને પડકારવા જેવું થાય ! આ પ્રપંચી સમીકરણ ભકતોના મગજમાં ઘુસાડવામાં ધીરેન્દ્ર સફળ થયા છે. આથી ધીરેન્દ્રને પડકાર એટલે ધર્મને પડકારના આ સમીકરણને જાણ્યા છતાં પંડયાએ એમને પડકાર્યા એ બહુ જોખમી કાર્ય હતું. પંડયાએ તે કર્યું. હનુમાનના નામે પણ એમણે સીધી-સાદી વાત કરી કે વીરેન્દ્રની સભામાં વીજ્ઞાન જાથાના બેઠેલા પચાસ કાર્યકરોને ધીરેન્દ્રએ ઓળખી બતાવવાના ! સત્યશોધક સભાએ સુરતમાં પડકાર ફેંકેલો પણ ધીરેન્દ્રએ તે ઝીલ્યો નહીં એવું રાજકોટમાં બન્યું. એમણે એ પડકાર નહીં ઝીલ્યો. પંડયા તો ઝાલ્યા ઝલાય એમ હતું જ નહીં. આથી એમણે ૩૦-૫-૨૩ ના રોજ રેલી કાઢવાનો અને ૧-૬-૨૩ના રોજ ધરણાનો કાર્યક્રમ જાહેર કર્યો. આ દેખાવો દ્વારા ધીરેન્દ્રનો વીરોધ કરવાનો નીર્ધાર જાહેર કર્યો. રાજય સરકાર તો ધીરેન્દ્રના ખોળામાં જ બેઠી છે. કાયદો અને વ્યવસ્થા બસો-પાંચસો માણસોનાં રેલી કે ધરણાથી બગડે કે હજારો માણસોની ધીરેન્દ્રની સભાથી

બગડે ? સમજી શકાય તેવું છે કે રાજય સરકારને પંડયાના કાર્યક્રમો કાયદો વ્યવસ્થા બગાડશે એવું જ લાગે. એનો સુચીતાર્થ પણ છે. જો પંડયા કાર્યક્રમો આપે તો ધીરેન્દ્રના માણસો એના પર તુટી પડે, ત્યારે ઉપરના ફરમાનને આધીન પોલીસ મુકપ્રેષક બને ! રાજય સરકારે પંડયાને કાર્યક્રમો નહીં કરવા દીધા. તેથી રાજય સરકારની લાચારી અને પક્ષપાત દેખાયાં કે ધીરેન્દ્રના માણસો ગુંડાગીરી પણ કરી શકે અને ત્યારે પોલીસ કશું કરે નહીં ! આ બધાં કદરુપા સત્યો આપણી સમક્ષ એટલા માટે આવ્યા કે જયંત પંડયાએ હીંમત બતાવી. સલામ એમને અને એમના સાથીઓને !

---

## રેશનલ લઘુકાવ્યો

–રમેશ પટેલ મો.
મો. – ૯૮૨૫૧ ૦૦૨૫૫

* કુપાત્રે દાન કરતાં
પુસ્તકાલયોને આપેલું
દાન
ભાવી પેઢીને ‘ચાણકય’ જરૂર
બનાવશે જ !

* * *

* કુતરાનો
રડવાનો અવાજ
એ કો’ક
સ્વજનના મૃત્યુનો
સંકેત નથી જ !

* * *

* છોડ ગુલાબનો
છે : રેશનાલીઝમ
કંટકો છે :
આ ધાર્મીક અંધશ્રદ્ધાળુ
માણસોનું ફોટા ટોળું !

* * *

* ભકતોનો
ગાડરીયો પ્રવાહ
પ્રસાદને નામે
ઝેર જેવી
ગંદગી પણ
આરોગે !

* * *

* કોઈ બાબા કે સંત
કથાકારો નથી હોતા !
‘ચમત્કારી’ - દૈવી પુરુષો
પણ
હોય છે
મહા બળાત્કારી

* * *

* ‘પુન: જન્મ’
આસ્તીકોના
શબ્દકોશનો
રદબાતલ
કરવા લાયક
શબ્દ છે !

* * *

* મંદીરો છે પણ
ઈશ્વરના નામે
ચાલતી દુકાનો !

* * *

* ટીલા-ટપકામાં
મને પ્રપંચી માણસના
થાય છે દર્શન !

* * *

* તું શા માટે
કાન
બંધ કરે છે ?
બાપુઓની
કથાઓ
સાંભળવાનો મને
કંટાળો આવે
છે તેથી !

* * *

* શબ પરના
ફુલો પર
પણ
પતંગીયા બેસે !

* * *

* બીલાડી
રસ્તે આડે ઊતરે
ત્યારે
તે દીવસે
લાભ જ લાભ !

* * *

* મંદીર
પછવાડે
મંદીરના માલીકના
BAR માં
મંદીર કરતાં
વધુ ભીડ હોય !

* * *

* મંદીરના દ્વાર
થાય બંધ
હવે ઈશ્વર તું
પરત આવી
જા !

* * *

## મનીષી જાની, અમદાવાદ (મો–૯૪૨૭૦ ૧૦૦૧૧)ના
## ‘મને અંધારા બોલાવે’
## પુસ્તકમાંથી કેટલાંક અવતરણો સાભાર

મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્રજી જયારે વનવાસમાં વીરાજતા હતા ત્યારે વાંદરાઓ માટે પ્રૌઢ શીક્ષણના વર્ગો ચાલતા હતા.

“ વર્તમાનને ભુતકાળ બનાવી દેવાનો
કેટલાક લોકોનો ધંધો છે.”
“અમોને ઈતીહાસની ખીચડી બનાવવામાં
અને ખવડાવવામાં રસ છે.”
ને ખીચડીમાં રાષ્ટ્ર
ઈતીહાસની ખીચડી
ને ખીચડીમાં ઈતીહાસ...’

* * *

## ડો. સુષ્મા અય્યરને ‘રમણભ્રમણ’ સુવર્ણચંદ્રક અર્પણ

તા. ૧૧-૬- ૨૩ ના રોજ સુરતમાં પ્રા. સુર્યકાન્ત શાહના પ્રમુખપદે ડો. સુષ્માબેન અય્યરને ‘રમણભ્રમણ’ સુવર્ણચંદ્રકથી આભુષીત કરવાનો સમારંભ રંગેચંગે ઉજવાયો. આ વર્ષે સુવર્ણચંદ્રક અર્પણ કરવા ઉપરાંત, ડો. પ્રકાશ ભટ્ટનું ‘પ્રતીતીકારક પુરાવાઓવાળુ તબીબી વીજ્ઞાન એટલે એલોપથી’ પર પ્રવચન પણ રાખવામાં આવ્યું હતું. ડો. ભટ્ટે એલોપથી અને પ્રતીતીકારક પુરાવાઓ વચ્ચેના ગાઢ સંબંધને સુપેરે સમજાવ્યો હતો. અતીથીવીશેષ ડો. અશ્વીન શાહે રેશનાલીસ્ટો માટે જે કંટકનો માર્ગ છે તેની હૃદયંગમ સમજુતી આપી હતી. સર્યકાન્ત શાહે ડો. સુષ્મા ઐય્યરની ભારતીય દર્શન કરાવતા, બીનસાંપ્રદાયીક અને રેશનલ કુટુંબનો પરીચય આપ્યો હતો.  આભુષીત થયેલ ડો. સુષ્માએ પોતાના રેશનલ કુટુંબના મુળમાં ખુલ્લા મગજ હોવાનું જણાવ્યું હતું. પોતાને ચંદ્રક માટે પસંદ કરવા માટે સત્યશોધક સભાનો આભાર માન્યો હતો. જાદવ વેકરીયા, અતુલ પાઠકજી, ડો. બી. એ. પરીખ, સપના પાઠકજી, સુગીત પાઠકજી, ડો. મનસુખ પટેલ, મનુસુખ નારીયા વગેરેએ પણ સમારંભમાં પોતપોતાના વીચારો દર્શાવ્યા હતા. આ સમારંભનો વીગતવાર અહેવાલ અને વકતાઓના વીદ્વતાપુર્ણ વ્યાખ્યાનો ‘સત્યાન્વેષણ’નાં હવે પછીના અંકોમાં આપવામાં આવશે.

“ગાયને અમે ખાતા નથી
હા, પણ
ગૌચરની જમીન અમે
ભચડક ભાડક ચાવી જઈએ છીએ.’
કે પછી, એમાં જ.....

*    *    *

ઘરે ઘરે
દીકરી જન્મે ત્યારે એને
લક્ષ્મી કહીએ છીએ.
હા, પણ
હાડમાંસવાળી
લક્ષ્મી, સરસ્વતી, દુર્ગા, આસીફા, આશા, શકીના, શારદા, મેરી,
મરીયમ, ઝુબેદા, જમના
એ બધીને અમે સ્ત્રીઓ કહીએ છીએ
રસોડા ને ખાટલે પછાડવાની સ્ત્રીઓ કહીએ છીએ.’

*    *    *

“...અમે પવીત્ર પુરુષો
ઘંટડીઓ વગાડીએ છીએ
હા, પણ
અમે મંદીરમાં ખાટલા પણ રાખીએ છીએ
અમે પવીત્ર પુરુષો !”
હા, પણ...

*    *    *

---

**‘સત્યશોધક સભા’ને દાન**

પ્રવીણ ગઢવી, ગાંધીનગર તરફથી સત્યશોધક સભાને રૂા. ૧,૦૦,૦૦૦/- નું દાન મળ્યું છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

તા. ૨૪-૦૫-૨૩

સુર્યકાન્ત શાહ
પ્રમુખ

# ઉત્ક્રાંતી

મર્યાદા પુરુષોત્તમ શ્રી રામચંદ્રજી જયારે
વનવાસમાં વીરાજતા હતા ત્યારે
વાંદરાઓ માટે પ્રૌઢ શીક્ષણના વર્ગો ચાલતા હતા
વાંદરાઓ શીલાઓ, પથ્થરોના માપ લેતાં શીખતા હતા,
વાંદરાઓ પથ્થરો પર રામનામ લખતા હતા,
રામનામ ઘુંટતા હતાં,
મનમાં રામસેતુના નકશા ચીતરતા હતા,
ચીતરેલા રામસેતુને ચણતા હતા,
વાંદરાઓ માટે
પ્રૌઢ શીક્ષણના વર્ગો ધમધમાટ ચાલતા હતા ને
જયારે ડાર્વીને ઉત્ક્રાંતીવાદને કાગળ પર ચીતર્યો,
સમયની પીંછીથી,
મહાકાયની પીંછીથી,
વાંદરામાંથી માણસને ચીતર્યો
ત્યારે રામરાજયમાં, અયોધ્યામાં રામનામ લખાયા વગરની
પત્થરોમાંથી ઉત્ક્રાંતી પામેલી ઇંટો લમણે ઝીંકાતી રહી.
સમયની પીંછીથી અભણ માણસોમાંથી
વાંદરાઓ તરફની પારોઠની ગતી,
માણસમાંથી ફાનસ વગ્ગરના
વાંદરા તરફની પ્રતીગતી ચીતરાતી રહી.
ને
સમયની પીંછી ચીતરતી રહી.....

* * *

# ડ્રાઉં ડ્રાઉં

વીજ્ઞાનની પયોગશાળામાં
ટેબલની ફરતે ઉભા રહી વીદ્યાર્થીઓ
ટેબલ પર ખોલીને મુકેલા દેડકાનું હૃદય અને મગજ સમજી રહયા હતા,
ત્યાં તો કુવામાંના દેડકાઓએ
ટેબલ ને વીદ્યાર્થીઓને ઘેરી વળી ડ્રાઉં ડ્રાઉં મચાવી મુકયું,
ધાર્મીક લાગણી ડ્રાઉં ડ્રાઉં
જીવહીંસા ડ્રાઉં ડ્રાઉં,
અને પ્રયોગશાળાના દેડકાનું ટેબલ કાયમ માટે ઉંધું પાડી દીધું...
કુવામાં પાણી ખુટયું
કુવામાંના દેડકાઓએ ડ્રાઉ ડ્રાઉ કરી મુકયું...
રુઠેલા વરસાદને તેડી લાવો,
વાદળદેવને મનાવી લાવો,
રીઝવી લાવો, ડ્રાઉં ડ્રાઉં,
પુજા કરો, ડ્રાઉં ડ્રાઉં,
કુવામાંના દેડકાઓએ લગન માંડ્યાં...
દેડકા-દેડકીનાં લગન માંડયાં...
વીદ્યાર્થીઓએ પુછી નાંખ્યું :
આમાં દેડકો કયો ?
આમાં દેડકી કઈ ?
કુવામાંના દેડકાઓએ મોં પર આંગળી મુકી ડ્રાઉં ડ્રાઉં કરી મુકયું :
ચુપ ચુપ ! ડ્રાઉં ડ્રાઉં ચુપ મરો ! ડ્રાઉં ડ્રાઉં....

* * *

## કુતરાગાડી

માત્રસત્તાલક્ષ્ય ને બધું જ સત્તાલક્ષી
કયાંક વચ્ચે પ્રાકૃત એકલવ્યો આવી જાય
તો અંગુઠા વાઢીને સંસ્કૃતી ખીસ્સામાં મુકાઈ જાય.

ટીવીના પડદે ભય સમાચાર બની
ભસવા માંડયો :
'કૂતરા કરડવાથી ટુંડા ગામમાં બે બાળકોનાં મોત...
ખાલીખમ વર્ગખંડો.
શાળાના વર્ગખંડોમાં ફરી રહયો છે, હડકાયો ડર....

* * *

## દલાલબાજી

કેટલાક કેટલીક વાત કહયા કરતા હોય છે
અને ઘણા ઘણી વાત માન્યા કરતા હોય છે.
દાખલા તરીકે કેટલાક કહે છે કે
ભગવાન બધાને બુદ્ધી આપે છે.
ભગવાનની બુદ્ધી એવી છે કે
જે જેવું વાસણ લઈને જાય એવી એને બુદ્ધી આપે !
ઘણાં તપેલું લઈને જાય,
ઘણા વાડકો કે વાડકી,
તો ઘણાં ચમચો કે ચમચી અને ઘણા ચાળણી લઈને જાય....
આ વાંચતા જ ગણા હેંહેંહેં હસી પડવાનાં,
ઘણાં બધા મૌન રહેવાનાં,
અને ઘણા ગુસ્સે થવાનાં
ને આ ટુચકાને લાત મારીને ફુટબોલની જેમ ઉછાળવાનાં !
અને ખુણામાં ચુપચાપ ઉભેલી પેલી માણસજાતની બુદ્ધી તો
પોકારી જ ઊઠવાની કે, બુદ્ધી કોઈના બાપની ઓછી છે ?'
આ બધાં જ બુમબરાડા છતાં ધરમની ધજા તો
ફરકતી ફરકતી મરકતી મરકતી માણસજાતને
એક યા બીજી રીતે ગોદા માર્યા જ કરવાની.
ધરમધજા ને ફરકતાં રહેવું હોય તો ઉંચે રહેવું પડે
ને ઉંચે રહેવા ગોદા તો માર્યા જ કરવા પડે.
લો, આ આવી ગયા ધરમની ધજાના દલાલો...
દલાલો દલાલી તો કરવાના જ.
નહીંતર દલાલ કેમના તે શ્વાસ લઈ શકવાના ?

* * *

# દુધ–દહીં

દુધ પવીત્ર, દહીં પવીત્ર, પવીત્રતાનું પંચામૃત,
બધું જ અમૃત અમૃત
અમૃત અમૃત પીતા પીતા હૈ ઈન્ડીયા !
પવીત્રતાનું પારાયણ, પવીત્ર કવીતા, શુદ્ધ કવીતા
પ્યોર એટલે પ્યોર કવીતા
તેત્રીસ કરોડ દેવતાઓને ધારણ કરીને ઉભેલી
ગૌમાતાના દુધની ધાર જેવી શુદ્ધ કવીતા
એક પગ દહીંમાં એક પગ દુધમાં.

* * *

એક જ આંગળી, એક જ ચક્ર
સર સર સર સર સુદર્શન ચક્ર !
કોની હત્યા ? કેવી હત્યા ?
આત્મામાં કંઈ છીદ્રો ન પડે.
શરીર છેદાય કે ન છેદાય.
યુદ્ધમાં હજારો હણાય કે ન હણાય.

* * *

વીશ્વયુદ્ધ થાય કે ન થાય શું ફેર પડે ?
એક પગ દુધમાં, એક પગ દહીંમાં
એકત્વની આરાધના
એક સીવા કછુ નાહીં !
ઉંચું-નીચું, લાંબું-પહોળું, નાનું-મોટું, કાળું-ધોળું,
ધર્મ-અધર્મ-વીધર્મ, સ્પૃશ્ય-અસ્પૃશ્ય
માયા રે ભાઈ માયા !
આભડછેડમાં નથી માનતા ભઈલા !

હકડેઠઠ બસમાં ફરતા રામ !
ને આપણે અનામતમાંયે નથી માનતા !
શું ફેર પડે છે ?

* * *

સત્ય-અસત્ય બધું જ માયા.
એક જ સત્ય, સત્ય તો નિરંતર ગબડતી લખોટી,
સત્યના પ્રયોગો તે કંઈ લેબોરેટરીમાં થાય ?
થાય કે ન થાય ! શું ફેર પડે ?

* * *

માંસાહાર વીરોધી શાકાહારી હીટલર ગમે
ગમે એટલે ગમે !
એક નેતા, એક પ્રાણ એક અખંડ દેશ
એક જ ગણવેશ બીજું કછું ન ભાયે પ્રીતમ !

* * *

## સત્યશોધક સભાનાં પ્રકાશનો

| | |
|---|---|
| (૧) વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ રૂા. ૫૦ | - ડો. બી. એ. પરીખ |
| (૨) ચમત્કારોની ભીતરમાં રૂા. ૩૦ | - સીદ્ધાર્થ દેગામી |
| (૩) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ | - ડો. બી. એ. પરીખ |
| (૪) આપણો માંદો સમાજ રૂા. ૩૦ | - સુર્યકાન્ત શાહ |
| (૫) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તી) રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૬) ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૭) જ્યોતીષ વીજ્ઞાન નહીં, મીથ્યા કલ્પના રૂ. ૩૦ | -ડો. બી. એ. પરીખ |
| (૮) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/- | -સુર્યકાન્ત શાહ |

મેળવવા માટે મ. ઓ. કરો.

## ગાંધી ૧૫૦ રૂપીયા

મહાત્મા મંદીર હાટ પર ખાસ ૨૦% ડીસ્કાઉન્ટની ભીડને
વીંધતા મેં માંગી ગાંધીજીની મુર્તી...
"કોઈ પણ લો, ૧૫૦ રૂપીયા"
મારા હાથ તરફ ધરેલી મુર્તીને નકારતા મેં કહ્યું !
મારે ગાંધીજીની જોઈએ, આ તો ગોડસેની છે....
"અરે ! આ ગાંધી જ છે, એ જ સ્વચ્છતાનાં
ગોળ ગોળ ચોખ્ખાં ચોખ્ખાં ચશ્માં
ને હાથમાં લાકડી..."
ના, ગોડસેની આંખ પરચ ચોખ્ખું ચોખ્ખું જોતાં ગોળ ગોળ ચશ્માં
ને હાથમાં લાકડી તો હતી જ...
"તો પછી આ લો, હોઠ પર સમરસ્તાનાં સ્મીત સાથેની
મહાત્માની મુર્તી...."
ઓહો, આ પણ ગોડસેની જ છે, ગાંધીની નથી.
મારે તો જોઈએ એ ગાંધી મુર્તી,
જે સત્યાગ્રહી ગાંધીને શ્વેત લોકોએ નફરતના ધકકા સાથે
ટ્રેઈનના ડબ્બામાંથી બહાર ફેંકી દીધા હતા.
"તો જુઓ, જુઓ પેલી ખુણાની....
આ બધી જ મહાત્માની મુર્તીઓ છે,
ખાસ ૧૫૦ મી જયંતીની વીશેષ છુટમાં ગાંધીજી ફકત ૧૫૦માં..."
એ ખુણાવાળી પણ ખુની ગોડસેની જ...
મારે તો જેઈએ, એક દીવસ નહીં,
રોજેરોજ ઝાડુ પકડતા પાયખાનું સાફ કરતા તે ગાંધીની મુર્તી...
"તો પછી આ ?"
આ પણ ગાંધી નહીં, ગોડસે....

* * *

# અદાલતોમાં પણ અવૈજ્ઞાનીકતા !

એક પુરુષ એક મહીલાને એની સાથે લગ્ન કરવાનું વચન આપ્યું. આવા વચનોથી મહીલાઓ ભોળવાઈ કેમ જાય છે ? તે સમજાતું નથી. આ મહીલા પણ ભોળવાઈ. પરીણામે પેલા પુરુષે આ મહીલા સાથે સમાગમ કર્યા. સમાગમ કર્યા બાદ હીંદુઓમાં પ્રવર્તતા 'મંગળ'ના વહેમને એ પુરુષે મદદમાં લીધો. એણે એ મહીલાને જણાવ્યું કે એને 'મંગળ' છે એટલે લગ્ન કરશે નહીં. એ મહીલાને ભોળવીને લગભગ બળાત્કાર કહી શકાય તેવો ગુનો એ પુરુષે કર્યો તેથી એને જેલ થઈ. જેલમાંથી જામીન પર છુટવા માટે એણે અલ્હાબાદ હાઈકોર્ટને અરજી કરી. અરજી પરની સુનાવણી દરમીયાન એ પુરુષના વકીલે મહીલાને 'મંગળ' હોવાથી એની સાથે લગ્ન નહીં થઈ શકેનું ગાણું જ ગાયું ! પરીસ્થીતીની કરુણતા તો એવી કે એ મહીલાના વકીલે મહીલાને 'મંગળ' નહીં હોવાની જ દલીલો કરી. ધુમકેતુએ જણાવેલું કે, 'પડે છે ત્યારે સઘળું પડે છે !' એ જ પ્રમાણે અલ્હાબાદની હાઈકોર્ટ પણ 'મંગળ'ને મહત્વ આપ્યું. મહીલાને ભોળવીને એની સાથે શરીરસુખ માણવાનો ગુનો તો કોઈએ ધ્યાન પર જ લીધો નહીં. હવે એક અવૈજ્ઞાનીકતા કેટલીક યુનીવર્સીટીઓમાં ઘર કરી ગઈ છે. એવી યુનીવર્સીટીઓમાં જયોતીષના અભ્યાસક્રમો ચાલે છે ! તા. ૨૭-૫-૨૩ના રોજ અલ્હાબાદની હાઈકોર્ટે લખનૌ યુનીવર્સીટીના જયોતીષશાસ્ત્ર વીભાગના વડાને આદેશ આપ્યો કે એ મહીલાને 'મંગળ' છે કે નહીં તે તપાસીને અહેવાલ આપે ! ટુંકમાં આપણા ન્યાયતંત્રમાં અવૈજ્ઞાનીકતાની ઉધઈ હાઈકોર્ટ સુધીના સ્તર સુધી પહોંચી ગઈ છે ! સારું છે હજી એ સપ્રીમ કોર્ટ સુધી એ પહોંચી નથી. એ પહોંચશે એ ચોકકસ. જરા વહેલી મોડી પણ આવી અવૈજ્ઞાનીકતા સુપ્રીમ સુધી પહોંચશે ! આજે નથી પહોંચી એટલે સુપ્રીમ કોર્ટને આ બેહુદા ઓર્ડરની ખબર પડી. એણે સ્વયંભુ દાવો દાખલ કર્યો. તા. ૩-૬-૨૩ ને શનીવારે એની ખાસ સુનાવણી રાખી, અને અલ્હાબાદ હાઈકોર્ટના ઓર્ડરને સ્થગીત કર્યો. બીજી એક કોર્ટે કોઈ એક કોમના આરોપીને સજા ફટકારતા એવું જણાવ્યું છે કે, 'શેતાનોની ઓલાદોની એની જાતી છે તેથી એને સજા થવી જોઈએ.' એવી વાત પણ બહાર આવી છે કે ઈસરોના વડાએ દાવો કર્યો છે કે 'વીજ્ઞાનનાં જે બધા સંશોધનો છે તે પુરાણોમાં છે જ ! પશ્ચીમના દેશો ખોટો જશ લે છે !' આમ, હવે કોઈ બાબા, કોઈ મૌલવી, કોઈ પાદરી કે કોઈ સાધુ, કોઈ રાજકારણી અવૈજ્ઞાનીકતાના અંધકાર ફેલાવનાર નથી, હવે તો એમાં ન્યાયધીશો, અધીકારીઓ, કહેવાતા વૈજ્ઞાનીકો પણ જોડાવા માંડયા છે. બધું પડવા જ બેઠું છે !

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration
License No. SRT-716/2022-2024 (with prepayment of posta

# સત્યશોધક સભા-સુરત

## સન્માન પત્ર



**રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી સન્માનિત**
**ડો. સુષ્મા સિતારામ અય્યર**

આપશ્રીએ વિવિધ પ્રવૃતિઓ દ્વારા રેશનાલિઝમના પ્રસાર-પ્રસાર માટે આપેલ અમૂલ્ય યોગદાન બદલ આપને રમણભ્રમણ સુવર્ણચંદ્રક અર્પણ કરતા સત્યશોધક સભા-સુરત ગૌરવ અનુભવે છે. આપ સમાજમાંથી કુરિવાજો, વહેમો અંધશ્રધ્ધા સામે લોકજાગૃતિ માટે અવિરત ૩ દાયકાથી સરાહનીય પ્રવૃતિઓ કરી રહયા છો.

અનોખી જીજ્ઞાસાવૃતિને કારણે વિજ્ઞાનના રહસ્યો જાણવા અને જણાવવાની આપની પ્રવૃતિઓ અભિનંદનને પાત્ર છે. સત્ય શોધક સભાની રેશનલ વિચારધારાને આગળ ધપાવવામાં વાહક તેમજ સહાયક બનવામાં આપનું પણ યોગદાન રહયું છે. વિવિધ સંસ્થાઓમાં વકતવ્યો આપીને, તથા સભાના 'સત્યાન્વેષણ' મેગેઝીનમાં લેખો લખીને એમ વિવિધ ભૂમિકામાં આપ રેશનાલીઝમ અંગે લોક જાગૃતિ કેળવવા માટે હંમેશાં સક્રિયપણે પ્રવૃત અને રેશનાલીઝમના પ્રચારક બની રહયા છો. આપના પરિવારને પણ એક રેશનલ પરિવાર બનાવવા માટે આપ પ્રયત્નશીલ રહયા છો. જે સમાજ માટે પણ પ્રેરણારૂપ બનેલ છે. આપ સમાન વૈજ્ઞાનિક અભિગમ ધરાવનાર એક રેશનલ મહિલા પ્રતિભાને પોંખવા માટે સત્ય શોધક સભા આપને રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી સન્માનીત કરે તેનાથી ચંદ્રકનું પણ ગૌરવ વધે છે.ભવિષ્યમાં પણ અંધશ્રધ્ધામુકત અને વૈજ્ઞાનિક અભિગમયુકત સમાજના નિર્માણ માટે આપનું યોગદાન અવિરત મળતું રહે એ અપેક્ષાસહ ધન્યવાદ...

• • • અર્પણકર્તા • • •

| પ્રમુખશ્રી | ઉપપ્રમુખશ્રી | ઉપપ્રમુખશ્રી | મંત્રીશ્રી | પેટ્રન |
|---|---|---|---|---|
| સૂર્યકાન્ત શાહ | મનસુખ નારિયા | અતુલ પાઠકજી | જાદવ વેકરીયા | ડો.બી.એ. પરીખ |

તા. ૧૧-૬-૨૦૨૩ | રમણભ્રમણ સુવર્ણચંદ્રક અર્પણ સમારોહ | સ્થળ :- સુરત.

માલીક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત-(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ